**D.G.P.ક્રિકેટ કપ- પ્રેસ નોટ**

૨૧ મી ડી.જી.પી.તથા ૮ મી ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ નો ઉધ્ઘાટન સમારંભ તા.૨૨/૨/૨૦૧૫ ના કલાક ૮/30 વાગ્યે ડી.જી.પી.શ્રી પી.સી.ઠાકુર ના વરદ હસ્તે ગુજરાત કોલેજ A- ગ્રાઉન્ડ ખાતે યોજાનાર છે. જેમા ઉધ્ઘાટનના યજમાન તરીકે અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી શિવાનંદ ઝા તથા શહેર પોલીસ રહેશે. આ ટુર્નામેન્ટમાં ગજરાત રાજ્યની ૧૬ ટીમો ભાગ લેશે..જેમા ૪ કમિશનરેટ ૭-રેન્જ – પોલીસ ભવનની સંયુક્ત ટીમ પીટીસી જુનાગઢ અને સોરઠ ચોકીની સંયુક્ત ટીમ રા.અ.પો.દળ જુથોની ટીમ ગુજરાત પો.અકેડેમી કરાઈ તથા પી.ટી.એસ વડોદરાની સંયુક્ત ટીમ તથા વેસ્ટર્ન રેલવે રહેશે. આ ટુર્નામેન્ટ લીગ પધ્ધતિથી રમાશે. જેમા કુલ ૪ વિભાગોમાં ૪-૪ ટીમો નક્કી કરી ગુજરાત રાજ્યના વિવિધ શહેરોમા નિર્ધારીત તારિખોએ ટુર્નામેન્ટ રમાશે. જેમાં જી.સી.એ.ના નિર્ધારીત એમ્પાયર્સ રહેશે. જેમાં ખેલાડીઓ કલર કપડામાં વાઈટ બોલથી ટર્ફ વિકેટ ઉપર રમશે. જેમા દરેક ટીમમાં ૧ લાઈન બોય રમાડી શકશે. જેમાં સેમી ફાઈનલ ૪૫ ઓવરની જ્યારે ફાઈનલ ૫૦ ઓવરની મોટેરા ખાતે રમાડાશે.

આ ટુર્નામેન્ટ છેલ્લા ૨૦ વર્ષથી અને છેલ્લા ૭ વર્ષથી ટી-૨૦ ટુર્નામેન્ટ પણ સતત રમાય છે. ટી-૨૦ ટુર્નામેન્ટ આ વર્ષથી લીગ પધ્ધતિથી રમાનાર છે. આ ટુર્નામેન્ટનો મુખ્ય આશય પોલીસ ટીમ ભાવનાથી શિસ્તપુર્વક સદભાવનાથી સ્પર્ધામાં ભાગ લઈ શારીરિક ચુસ્તી-સ્ફુર્તી સાથે રમે અને દળમાં રમત-ગમતમાં પ્રવૃતિને પ્રોત્સાહન મળે તથા વિવિધ સ્તરના અધિકારીઓ તથા કર્મચારીઓ વચ્ચે સદભાવના કેળવાય. અગાઉના વર્ષોમાં ગુજરાત રાજ્યના ઘણા પોલીસ ક્રિકેટરો રણજી ટ્રોફી રમેલા છે. જેમાં સૌરાષ્ટ્રમાંથી હે.કો.હરેન્દ્ર જાની,પુનમ પંડીત જ્યારે ચાલુ વર્ષ પો.સ.ઈ.શ્રી કૃણાલ પટેલ – ગાંધીનગર જીલ્લા નાઓ મુખ્ય છે. અગાઉ ગુજરાતના ડી.વાય.એસ.પી. શ્રી ગુલામ ગાર્ડ નામના ક્રિકેટર જે વર્ષો પહેલા ટેસ્ટ મેચ પણ રમેલ અને જેઓએ ગેરી સોબર્સ ની વિકેટ પણ લીધેલ હતી. તથા ડી.વાય.એસ.પી.શ્રી ડી,પી.ગાંધી સૌરાષ્ટ્રમાંથી શ્રી વિચારે વડોદરા થી તથા શ્રી વી.વી.કેતકર મહારાષ્ટ્ર માંથી રણજી ટ્રોફી રમેલ. હાલમાં ઘણા લાઈનબોય અન્ડર-૧૯ માં રમી રહેલ છે. આ ટુર્નામેન્ટની કમિટીમાં ડી.જી.પી.શ્રીની આગેવાની હેઠળ કમિટી મેમ્બર્સ અનુક્રમે એડી.ડી.જી.પી (૧) શ્રી પ્રમોદ કુમાર (૨) શ્રી શિવાનંદ ઝા (3) શ્રી એ.કે.સીંઘ (૪) શ્રી આર બી બ્રહ્મભટ્ટ આઈ.જી.શ્રી (૫) રાજીવરંજન ભગત (૬) અમિત વિશ્વકર્મા તથા એસ.પી.શ્રી આર.વી.અસારી છે.બન્ને ટુર્નામેન્ટના અંતે પરફોમન્સ આધારે ગુજરાત રાજ્યની ૧ ટીમ ( ૩૫ વર્ષથી ઓછી વયના) બનાવી ગુજરાતની તથા ભારતની પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં ભાગ લેવાનુ નક્કી થયેલ છે. ક્રિકેટ સિવાય વિવિધ રમતોનુ આયોજન પણ નક્કી થયેલ છે.